## (1) DDT વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) વિશ્વમાં DDTનું ઉત્પાદન વર્તમાન સમયે માત્ર HIL નામની ભારતીય કંપની જ કરે છે.

(2) DDTનું પૂરુંનામ ડાયક્લોરો–ડાયફિનાઈલ–ટ્રાયક્લોરોઈથેન છે.

(3) DDTના કૃષિ વપરાશ પર વૈશ્વિક પ્રતિબંધ છે.

(4) DDTની ગંધ અતિ તીવ્ર તથા એસિડિક હોય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ DDTનું પૂરુંનામ ડાયક્લોરો–ડાયફિનાઈલ–ટ્રાયક્લોરોઈથેન છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ભારતે તાજેતરમાં દક્ષિણ આફ્રિકાને મેલેરિયા નિયંત્રણ કાર્યક્રમ માટે DDTનો મોટો જથ્થો આપેલો છે.

⇛ વર્તમાન સમયે વિશ્વમાં માત્ર એક જ દેશ DDTનું ઉત્પાદન કરે છે, જે ભારત છે. તથા ભારતમાં પણ માત્ર HIL નામની એક જ કંપની તેનું ઉત્પાદન કરે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ DDT એ રંગવિહીન, સ્વાદિવિહીન અને નહિવત્ ગંધ ધરાવતું રસાયણ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ રસાયણની શોધ માટે 1948માં નોબેલ પ્રાઈઝ પણ એનાયત થયું હતું.

⇛ રસાયણની શોધ જંતુનાશક તરીકે થઈ હતી પરંતુ તેની પર્યાવરણીય આડઅસર બાદ વિશ્વમાં તેના કૃષિ વપરાશ પર પ્રતિબંધ મુકવામાં આવેલો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'ગ્લોબલ ફંડ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક આંતરરાષ્ટ્રીય ફાયનાન્સીંગ તથા ભાગીદારી સંસ્થા છે.
(2) તેની સ્થાપના વર્ષ 2000માં કરવામાં આવી હતી તથા તેનું સચિવાલય ઓસ્ટ્રિયામાં આવેલું છે.
(3) આ સંસ્થા એઈડ્સ, ટી. બી. અને મેલેરિયાના અંત માટે ફંડ તથા અન્ય સંસાધન એકત્ર કરે છે.
(4) ભારત પણ આ સંસ્થામાં ડોનેશન કરે છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ HIV/AIDS દ્વારા અસરગ્રસ્ત મુખ્ય સમુદાયોએ વિવિધ સરકાર તથા સરકારી સંસ્થાઓ સમક્ષ દેખાવો કર્યા છે. આ માટેનું કારણ છે કે, સરકાર પોતાનું સંપૂર્ણ ધ્યાન COVID-19 માટે આપી રહી છે અને અન્ય રોગ દ્વારા અસરગ્રસ્ત લોકોની પાયાની જરૂરીયાતો પણ પૂરી થઈ રહી નથી. આ લોકોએ 'ગ્લોબલ ફંડ' નામની સંસ્થામાં પણ પેટીશન કરેલું છે.

⇛ ગ્લોબલ ફંડ એક આંતરરાષ્ટ્રીય ફાયનાન્સીંગ તથા ભાગીદારી સંસ્થા છે. (આથી, વિધાન (1) સાચું છે.

⇛ તેની સ્થાપના વર્ષ 2000માં કરવામાં આવી હતી તથા તેનું સચિવાલય જીનીવા, સ્વિત્ઝર્લેન્ડમાં આવેલું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ સંસ્થા એઈડ્સ, ટી.બી. અને મેલેરિયાના અંત માટે વિવિધ સંસાધનો તથા નાણા એકત્ર કરે છે તથા તેનું રોકાણ આ રોગોના અંત માટેના પ્રયાસોમાં કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારત વર્ષ 2006થી આ સંસ્થામાં ડોનેશન કરી રહયું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) મેલેરિયા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) મેલેરિયા 'પ્લાઝમોડિયમ' નામના પરોપજીવી દ્વારા થતો રોગ છે.
(2) આ પરોપજીવી એડીસ ઈજિપ્તી નામના મચ્છર દ્વારા માનવીમાં પ્રવેશી કરે છે.
(3) વિશ્વના કુલ મલેરિયા કેસ પૈકી ભારતમાં 24% કેસ જોવા મળે છે.
(4) વિશ્વમાં કુલ મેલેરિયા મૃત્યુ પૈકી 67% મૃત્યુ 5 વર્ષથી નીચેના બાળકોમાં જોવા મળ્યા છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ મેલેરિયા એક જીવલેણ રોગ છે જે પ્લાઝમોડિયમ પરોપજીવી દ્વારા ફેલાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ માનવીમાં આ પરોપજીવી અસરગ્રસ્ત માદા એનોફેલીસ મચ્છરના કરડવાથી પ્રસરે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વર્ષ 2018ના આંકડાઓ મુજબ, વિશ્વના મેલેરિયાના કુલ કેસના 93% તથા કુલ મૃત્યુના 94% મૃત્યુ આફ્રિકા વિસ્તારમાં જોવા મળે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ વર્ષ 2018માં મેલેરિયાના કુલ 22.8 કરોડ જેટલાં કેસ નોંધાયા હતાં જે પૈકી આશરે 4 લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા હતાં.

⇛ મેલેરિયા દ્વારા થયેલા મૃત્યુઓ પૈકી 67% મૃત્યુ પામનારા 5 વર્ષથી નીચેની ઉંમરના બાળકો હતાં. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ મેલેરિયાને અટકાવી શકાય છે તથા તેની સારવાર પણ શકય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) મનોદર્પન પહેલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ પહેલ આયુષ મંત્રાલય તથા સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે લોંચ કરવામાં આવી છે.
(2) આ પહેલ વિદ્યાર્થીઓ, પરિવારજનો તથા શિક્ષકોને તેમના માનસિક સ્વાસ્થ્યમાં મદદ કરશે.
(3) આ પહેલ હેઠળ એક રાષ્ટ્રીય ટોલ ફ્રી નંબર, વેબસાઈટ તથા ઓનલાઈન ચેટ પ્લેટફોર્મ આપવામાં આવ્યું છે.
(4) આ પહેલ આત્મનિર્ભર ભારત અભિયાનનો ભાગ છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (2) અને (3)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા 'મનોદર્પન' પહેલ લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પહેલ આત્મનિર્ભર ભારત અભિયાનના ભાગરૂપે લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ પહેલનો ઉદ્દેશ COVID-19ની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ, પરિવારજનો તથા શિક્ષકોને માનિસક સહાય આપવાનો છે. જેથી તેમની માનસિક સ્થિીત સારી રહે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પહેલમાં એક રાષ્ટ્રીય ટોલ ફ્રી નંબર આપવામાં આવ્યો છે. આ નંબર માટે અનુભવી મનોચિકિત્સક તથા અન્ય તજજ્ઞોને કાર્યમાં લેવામાં આવ્યા છે. ઉપરાંત આ પહેલ હેઠળ એક વેબસાઈટ, કાઉન્સેલરનો ડેટાબેઝ તથા એક ઓનલાઈન ચેટ પ્લેટફોર્મ પણ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પહેલ દ્વારા શિક્ષણ ક્ષેત્રની ઉત્પાદકતામાં તથા માનવ સંસાધનમાં મજબૂતાઈ આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) જ્યોતિરાવ ફુલે વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેમને દયાનંદ સરસ્વતીએ 'મહાત્મા'નું બિરૂદ આપ્યું હતું.

(2) તે અને તેમના પત્નીએ ભારતની પ્રથમ સ્વદેશી રીતે સંચાલિત છોકરીઓ માટેની શાળા સતારામાં ખોલી હતી.

(3) તેમણે 1873માં સત્યશોધક સમાજની સ્થાપના કરી હતી.

(4) તેમને અનાથાશ્રમ ખોલનાર પ્રથમ હિંદુ ગણવામાં આવે છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં મહારાષ્ટ્ર સરકારે મહાત્મા જ્યોતિરાવ ફુલે યોજના હેઠળ ખેડૂતોની 17,646 કરોડ રૂપિયાની લોન માફ કરી છે.

⇛ જ્યોતિરાવ ફુલે મહારાષ્ટ્રના સમાજ સુધારક હતાં.

⇛ 1888માં વી. કે. વાન્ડેકર દ્વારા તેમને 'મહાત્મા'નું બિરૂદ આપવામાં આવ્યું હતું. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તે અને તેમના પત્નીએ સ્ત્રી શિક્ષણનો પાયો નાંખ્યો હતો. તેમણે ભારતની પ્રથમ સ્વદેશી સંચાલિત છોકરીઓ માટેની શાળા મહારાષ્ટ્રના પૂણેમાં ખોલી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તેઓએ પછાત જાતિ માટે ઘણા કાર્યો કરેલાં છે.

⇛ તેઓએ બાળકને જન્મ સમયે મારવાની પ્રથાને અટકાવવા માટે એક અનાથાશ્રમ પણ ખોલ્યું હતું. આવા દુર્ભાગ્યશાળી બાળકો માટે અનાથાશ્રમ ખોલનાર તે પ્રથમ હિંદુ હતા તેમ માનવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ જાતિવાદનો સામનો કરવા માટે તેમણે 1873માં સત્યશોધક સમાજની સ્થાપના કરી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT